# પ્રેસનોટ

સરકારશ્રીના દારૂબંધીની નિતીના કડક અમલવારી સારૂ સરદારનગર છારાનગર વિસ્તારમાં દારૂની પ્રવૃત્તિ ચાલતી હોવાની તેમજ દારૂ સાથે સંકળાયેલા ઇસમો વિરૂધ્ધમાં ખુબજ રજુઆત મળેલ હોઇ, જેથી સદર વિસ્તારમાં સતત રેડ તેમજ વાહન ચેકિંગની કાર્યવાહી ચાલતી હોય છે.

ગઇકાલે રાત્રે સરદારનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ વાહન ચેકીંગમાં નિકળેલ, આ દરમ્યાન એક એક્ટીવા ચાલક અને બાઇક ચાલકને રોકીને પુછપરછ કરતા તેઓએ પોલીસ સાથે બોલાચાલી ઝપાઝપી કરી પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરતા તેઓને અટકાવવા જતા, આ દરમ્યાન છારાનગરમાંથી આશરે ૧૫૦ થી ૨૦૦ માણસોનું તોફાની ટોળુ હાથમાં લાકડી તથા પાઇપો સાથે ભેગુ થઇ ગયેલ અને પોલીસને ઇજા કરેલ અને પથ્થરમારો શરૂ કરેલ, આ વખતે તાત્કાલીક આજુબાજુના પોલીસ સ્ટેશનનો વધારાનો બળ પણ બોલાવવામાં આવ્યો અને પોલીસે સમય સુચકતા વાપરીને ટોળા પૈકી કુલ ૨૯ માણસોને પકડી લીધેલ અને આ તોફાની ટોળા વિરૂધ્ધ સરદારનગર પોલીસ સ્ટેશનમાં તા.૨૭/૭/૧૮ ના રોજ ફ.ગુ.ર. નં.૨૩૦/૧૮ ઇપીકો કલમ ૩૯૨, ૩૩૨, ૩૩૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૭, ૩૪૧, ૪૨૭, ૧૮૬ મુજબ ગુનો દાખલ કરવામા આવ્યો છે. જેમા તપાસ અધિકારી તમામ સાંયોગિક પુરાવાઓને ધ્યાને લઇ નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવામા આવશે.

(વિજયકુમાર પટેલ).
નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.